રાજ્ય સરકારના વિવિધ વિભાગો અન્વયેની આપવામાં આવતી સેવાઓ માટે એફિડેવિટની પ્રક્રિયા રદ કરીને સ્વઘોષણા (Self-Declaration) ની પ્રક્રિયા અમલમાં મૂકવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:વહસ/૧૦૨૦૨૧/૪૩૫/વસુતાપ્ર-૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૫/૧૨/૨૦૨૧

કલેક્ટર કચેરી - સુરેન્દ્રનગર.
શાખા.....
ઈનવર્ડ નં. ૧૯૮
06 JAN 2022
કલાર્ક
તા.મ. અધિકારી

પ્રસ્તાવના:

નાગરિકોને ઉપલબ્ધ બનતી સેવાઓ વધારે અનુકૂળતાથી અને ઝડપી ઉપલબ્ધ બને તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગો વહીવટી સુધારણાની સતત ચાલતી પ્રક્રિયાના ભાગરૂપે સેવાઓ મેળવવાની રીતમાં સમયાંતરે સુધારાઓ દાખલ કરતાં રહે છે. હવે જ્યારે મોટાભાગની સેવાઓ નાગરિકોને ઓનલાઈન, મોબાઈલ એપ, જનસેવા કેન્દ્ર, ડીજીટલ સેવાસેતુ મારફતે ઉપલબ્ધ બનેલ છે, ત્યારે સેવાઓ મેળવવાની પ્રક્રિયા હજુ સરળ બનાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

૨. રાજ્ય સરકારની વ્યક્તિલક્ષી અપાતી સેવાઓમાં, જે તે અરજદાર દ્વારા અપાતી માહિતીની સત્યતા સુનિશ્ચિત કરવા એફિડેવિટ લેવામાં આવે છે. વહીવટી સુધારણાની પ્રક્રિયાના ભાગરૂપે, લોકોપયોગી સેવાઓ ઝડપી ઉપલબ્ધ બને અને નાગરિકોને પ્રક્રિયાના સરળીકરણથી અનુકૂળતા થાય તે હેતુથી સરકારી સેવાઓ મેળવવાની પ્રક્રિયામાંથી જ્યાં કાયદા કે નિયમથી જરૂરી હોય તે સિવાયના તમામ કિસ્સામાં એફિડેવિટની જરૂરિયાત રદ કરી, સ્વઘોષણા(Self-Declaration)ને પ્રક્રિયાનો ભાગ બનાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકાર, રાજ્ય સરકારની વિવિધ વિભાગો અન્વયેની અપાતી સેવાઓ માટે અરજી સાથે વિગતો માટે એફિડેવિટની જગ્યાએ દસ્તાવેજોની સત્યતા અર્થે સ્વઘોષણા(Self-Declaration)ની પ્રક્રિયા અમલમાં મૂકવાનું ઠરાવે છે. આ સ્વઘોષણાની પ્રક્રિયા નીચે મુજબની શરતોને આધીન રહેશે:-

૧. જે કિસ્સામાં કેન્દ્ર અથવા રાજ્ય સરકારના અધિનિયમ અથવા નિયમો અથવા વિનિયમો અન્વયે એફિડેવિટ રજુ કરવાનું ઠરાવ્યું હશે, ત્યાં એફિડેવિટ લેવાનું ચાલુ રાખવાનું રહેશે, તે સિવાયની તમામ સેવાઓમાં એફિડેવિટની જગ્યાએ સ્વઘોષણા (Self-Declaration) મેળવવાનું રહેશે.

૨. રાજ્ય સરકારના તમામ વિભાગોએ તેમની સેવાઓની સમીક્ષા કરી કાયદા, નિયમ કે વિનિયમોથી સ્થાપિત હોય, તે સિવાયની તમામ સેવાઓમાંથી સેવા આપવાની ચેનલમાંથી(ઓનલાઈન, એપ મારફતે, જનસેવા કેન્દ્ર, પ્રત્યક્ષ સ્વરૂપે /મારફતે વગેરે) એફિડેવિટની જગ્યાઓ સ્વઘોષણાનું ફોર્મ આમેજ કરાવી લેવાની પ્રક્રિયા તા.૧૦/૦૧/૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરી લેવાની રહેશે.

૩. રાજ્ય સરકારના વિભાગો વતી જે સેવાઓ આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો (ATVT)/ જનસેવા કેન્દ્ર/ ડીજીટલ સેવા સેતુ અંતર્ગત આપવામાં આવે છે, ત્યાં નેશનલ ઈન્ફોર્મેટિક સેન્ટર (NIC) દ્વારા (જાતિને લગતી સેવા સિવાય અન્ય તમામમાં) એફિડેવિટની જગ્યાએ સ્વઘોષણા (Self-Declaration) ફોર્મ પ્રતિસ્થાપિત (Substitute) કરવાની પ્રક્રિયા તા.૧૦/૦૧/૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરી લેવાની રહેશે.

Scanned with CamScanner

૪. રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા જાતિને લગતી અને ક્રીમીલેયર માટે અપાતી સેવાઓ માટે એફિડેવિટની ઉપયોગિતાની સમીક્ષા કરી, જ્યાં યોગ્ય જણાય ત્યાં સ્વઘોષણાની વ્યવસ્થા દાખલ કરવા રાજ્ય સરકારના અલાયદા આદેશ મેળવવાનાં રહેશે, ત્યાં સુધી પ્રવર્તમાન વ્યવસ્થા ચાલુ રાખવાની રહેશે.

૫. જે કિસ્સામાં કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારના અધિનિયમ,નિયમો કે વિનિયમોમાં ઉલ્લેખ કર્યા સિવાય એફીડેવિટની જરૂરિયાત જણાતી હોય તો, સંબંધિત વિભાગે રાજ્ય સરકારની ખાસ મંજુરી મેળવ્યા પછી જ એફિડેવિટ દાખલ અથવા તા. ૧૦/૦૧/૨૦૨૨ પછી ચાલુ રાખી શકાશે.

૬. એફિડેવિટની પ્રક્રિયા રદ કર્યા પછી સ્વઘોષણામાં કોઈ ખોટી વિગતો આપવામાં આવી છે, તેવું ધ્યાને આવશે, તો સંબંધિત કચેરી દ્વારા જે તે ખોટી માહિતી આપનાર વ્યક્તિ સામે ઈન્ડિયન પીનલ કોડની કલમ જેવી કે, ૧૭૭, ૧૯૧, ૧૯૯ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે.

૭. સેવાઓ માટે એફિડેવિટ રદ કરતાં સ્વઘોષણા સામેલ નમુના (એનેક્ષર-અ)મુજબનું કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાજેન્દ્રસિંહ રાઠોડ)
સરકારના નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

૧. માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
૨. માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી/સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર
૩. સર્વે માનનીય મંત્રીશ્રી/ માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧/૨, સચિવાલય ગાંધીનગર
૪. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
૫. માનનીય દંડકશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૬. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૭. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
૮. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
૯ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય ગાંધીનગર.
૧૦. સચિવાલયના સર્વે વિભાગો.
૧૧. સર્વે જિલ્લા કલેક્ટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રી/ પોલિસ અધિક્ષકશ્રી
૧૨. સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/શાખાઓ.
૧૩. માહિતી નિયામકશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૧૪. શાખા સિલેક્ટ ફાઇલ.

Scanned with CamScanner

ઠરાવ ક્રમાંક:વહસ/૧૦૨૦૨૧/૪૩૫/વસુતપ-૨ નું બિડાણ

એનેક્ષર- એ

સ્વ ઘોષણા (Self-Declaration)નો નમુનો

આથી હું નીચે સહી કરનાર (પુરુ નામ) ..... ઉ. વ. .....જિલ્લાના ..... તાલુકાના ..... ગામ/ શહેરના રહેવાસી આથી જાહેર કરું છું કે મારા દ્વારા આપવામાં આવેલ માહિતી અને અરજી અનુસંધાને જોડેલ દસ્તાવેજ મારી જાણ અને માન્યતા મુજબ સાચા છે અને તેમાં કોઈ બાબત છુપાયેલ નથી. હું એ જાણું છું કે, ખોટી માહિતી કે દસ્તાવેજ રજુ કરવા એ કાયદા હેઠળ શિક્ષાને પાત્ર છે અને આવા સંજોગોમાં ખોટી માહિતી કે ખોટા દસ્તાવેજના આધારે મને મળેલ લાભ રદ થવા પાત્ર છે.

સહી.....

પુરુ નામ.....

આધાર કાર્ડ/ ઓળખના પુરાવાનો નંબર.....

Kato

Scanned with CamScanner